

# માત્ર ઓશીકું રાખીને સૂવાથી ઊંઘ નથી આવતી

**ઓશો**

ક્યારેક એક બુદ્ધ જન્મે છે, ક્યારેક ઇસુ જન્મે છે, ક્યારેક એક કોન્ફ્યુશિયસ જન્મે છે. સમગ્ર માનવ જાતિમાં આવા ગણી શકાય તેટલાં માત્ર દસ, પચ્ચીસ નામ છે. જ્યારે જગતમાં બ્રહ્મચર્યથી બાળકો આવશે, તમને કદાચ આ શબ્દ વિચિત્ર લાગશે, બ્રહ્મચર્યથી બાળક? હું એક નવી ધારણાની વાત કરું છું. બ્રહ્મચર્યથી જ્યારે બાળક જન્મશે ત્યારે જગતના લોકો એવા સુંદર, શક્તિશાળી, મેધાવી, વિચારશીલ હશે... પછી પરમાત્માને જાણતાં લોકોને શી વાર લાગશે?

તેઓ પરમાત્માને એવી રીતે જાણશે કે જે રીતે આપણે રાત્રે સૂઇએ છીએ, પરંતુ જેને નિદ્રા આવતી ન હોય એને કોઇ કહે કે હું માત્ર ઓશીકા પર માથું રાખું છું ને સૂઇ જાઉં છું, તો તે કહેશે કે વાત ખોટી છે. હું તો પડખાં ફેરવ્યાં કરું છું, ઊઠું છું, બેસું છું, માળા ફેરવું છું, પણ ઊંઘ નથી આવતી. તમે ખોટું બોલો છો. ઓશીકે માથું મૂક્યું ને ઊંઘ આવી એવું શી રીતે બને? મેં ઘણા પ્રયોગો કર્યા પણ ઊંઘ જ નથી આવતી. રાતોની રાતો એમ ને એમ જાગરણમાં જ પૂરી થઇ જાય છે.

અમેરિકામાં ન્યૂ યોર્ક જેવાં નગરોમાં ૩૦થી ૪૦ ટકા લોકો ઊંઘની ગોળીઓ ખાઇને સૂએ છે અને ત્યાના મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે સો વર્ષમાં ન્યૂ યોર્ક જેવા નગરમાં કોઇ વ્યક્તિ સહજરૂપે સૂઇ નહીં શકે, તેણે ગોળીઓ લેવી જ પડશે. ન્યૂ યોર્કમાં જે સો વર્ષમાં બનશે તે ભારતમાં બસો વર્ષમાં સંભવિત છે. કારણ કે આપણે તમામ રોગોની હરીફાઇ કરીને જ જંપીશું. આપણે પાછળ કેમ રહીએ? એ પણ સંભવ છે કે પાંચસો વર્ષ પછી દુનિયાભરના માણસો ઊંઘવાની દવા લઇને જ ઊંઘે અને માના પેટમાંથી જન્મનાર બાળક પણ દૂધ માગવાને બદલે ટ્રાન્કવીલાઇઝર માગે. 'હું તારા પેટમાં સૂઇ શક્યો નથી, મને ટ્રાન્કવીલાઇઝર આપ.' પાંચસો વર્ષ પછીની પ્રજાને વિશ્વાસ આપવો મુશ્કેલ હશે કે પાંચસો વર્ષ પહેલાંની પ્રજા આંખો બંધ કરતી હતી અને સૂઇ જતી હતી. એ લોકો કહેશે, એમ બને જ કેવી રીતે? મારે એ જ કહેવું છે કે બ્રહ્મચર્યથી જે જીવન ઉત્પન્ન થશે એને લોકો ચોર હતા, બેઇમાન હતા, હત્યારા હતા, આત્મઘાત કરતા હતા- એ બધી વાતો પર વિશ્વાસ નહીં આવે.

એક આધ્યાત્મિક કામનો જન્મ, એક નૂતન જીવનનો પ્રારંભ શક્ય છે. એ નૂતન જીવનના પ્રારંભને લગતી બે-ચાર વાતો આ ચાર દિવસોમાં તમને કહી. મારી વાતો પ્રેમથી, શાંતિથી સાંભળવામાં તમને મુશ્કેલી પડી હશે.

એક મિત્ર તો કહેવા લાગ્યા કે મને તો ડર હતો કે, ક્યાંક દસ-વીસ માણસો ઊભા થઇને આવી વાતો બંધ કરવાનું ન કહે. મેં કહ્યું, એટલી હિંમતવાળા માણસો હોત તો સારું જ ને! 'વાત બંધ કરો' એમ કોઇને કહી શકે એવી હિંમતવાળા માણસો ક્યાં? કોઇ બહાદુર ઊભો થઇને કહે કે, 'આવી વાતો બંધ કરો.' એની તો હું પ્રતીક્ષા કરું છું, એની સાથે વાત કરવામાં ય મજા આવશે.'

મિત્રોને ભય હતો કે ક્યાંક કોઇ ઊભું થઇને કહી ન બેસે, એવી વાતોને તમે આટલા પ્રેમથી સાંભળતા રહ્યા. તમે ઘણા ભલા માણસ છો. તમારું ઋણ જેટલું માનું તેટલું ઓછું છે. અંતમાં, પરમાત્માની પાસે એટલી જ કામના રાખું છું કે પ્રત્યેક વ્યક્તિમાં જે કામ છે તે રામના મંદિર સુધી પહોંચવાની સીડી બની શકે. અંતમાં, સૌની અંદર બેઠેલા પરમાત્માને પ્રણામ કરું છું. મારાં પ્રમાણનો સ્વીકાર કરો.

■ એક ઓશો સંન્યાસી સંભોગથી સમાધિ તરફ પુસ્તકમાંથી

## સૂફીસંત મહેમુદ શાહ બુખારી
# શ્રદ્ધાનો દરિયો

**રાહે રોશન**
ડો. મહેબૂબ દેસાઇ

ગત અઠવાડિયે (૧૧ રજબ) ધંધૂકા તાલુકાના ભડિયાદ ગામે મહેમુદ શાહ બુખારી સાહેબનો ઉર્સ મુબારક હતો. ગુજરાતના ખૂણે ખૂણેથી માનવ મહેરામણ ઊભરાયું હતું. જાણે શ્રદ્ધાનો દરિયો હિલોળે ચડ્યો હતો. એ દિવસે હું ગાડી લઇને અમદાવાદથી ભાવનગર જઇ રહ્યો હતો ત્યારે રસ્તા પર પગપાળા ભડિયાદ તરફ વહી રહેલ માનવ પ્રવાહને જાણવાની તક સાંપડી. મહેમુદ શાહ બુખારી સાહેબના ઉર્સમાં અમદાવાદથી ધંધૂકા થઇ મેદની ભડિયાદ પહોંચે છે. જ્યારે સુરત, વડોદરાની મેદની તારાપુર, વટામણ ચોકડી અને ધોલેરા થઇ ભડિયાદ પહોંચે છે. કાઠિયાવાડમાંથી મહુવા, પાલિતાણા, ભાવનગરની મેદની ધોલેરા થઇ ભડિયાદ પહોંચે છે. મેદનીમાં આબાલવૃદ્ધ સૌ કોઇની શ્રદ્ધા જોઇ-સાંભળી હૃદય ભરાઇ ગયું.

ટ્રાઇસિકલ પર છેક ભરથોલ (તા.કરજણ)થી બંને પગે અપંગ એવા વિજયભાઇ સાધુ ધોલેરા રોડ પર ભરતડકે પરસેવે રેબઝેબ ભડિયાદ ભણી જઇ રહ્યા હતા. તેમની સાથે કબોડા ગામના મહંમદભાઇ જુમ્મા સાઇકલ પર સાથ આપી રહ્યા હતા. મેં વિજયભાઇને કહ્યું, 'આપ તો હિંદુ છો, છતાં ભડિયાદ દાદામાં આટલી શ્રદ્ધા જોઇ નવાઇ લાગે છે.'

હસતા હસતા વિજયભાઇ બોલ્યા, 'સાહેબ, શ્રદ્ધાને કોઇ ધર્મ નથી હોતો.'

હું એક સામાન્ય ઇન્સાનનો ઉચ્ચ તર્ક જાણી નવાઇ પામ્યો. છતાં જરા વધુ જાણવા મેં પૂછ્યું, 'કોઇ માનતા પૂરી કરવા જાવ છો?'

'ના સાહેબ ના, માત્ર ભડિયાદ દાદાની મહોબ્બતથી ખેંચાઇને જઉં છું.'

રસ્તાની બંને બાજુ નાનાં મોટાં વાહનોમાં ખાદ્ય વસ્તુઓ યાત્રાળુઓને વિના મૂલ્યે આપવામાં આવતી હતી. એવી એક ક્વાલીસ ગાડીના પાંચેક સ્વયં સેવકો યાત્રાળુઓને ખાદ્ય વસ્તુઓ વહેંચી રહ્યા હતા. એ ગાડીના ગુલામભાઇ મલેકને મેં પૂછ્યું, 'યાત્રાળુઓને શું વહેંચો છો?'

'ઠંડા પાણીનાં પાઉચ, ચોકલેટ અને ટેસ્ટીકોલા.'

'અત્યાર સુધીમાં કેટલાંક પેકેટો વહેંચ્યાં હશે?'

'એવું કાંઇ યાદ નથી, પણ લગભગ ચારેક હજાર પાઉચ, પાંચેક હજાર ચોકલેટ્સ અને ૭૦ પેકેટ્સ ટેસ્ટીકોલા વહેંચી હશે.'

'આનો ખર્ચ કોણ આપે છે?'

'સાહેબ, મારી અંગત નાનકડી આવકમાંથી ઉર્સ માટે બચાવીને રાખું છું. દાદાના ભક્તોની સેવા કરવામાં સંતોષ મળે છે.'

ભાવનગરના જમના કુંડમાં રહેતાં વહીદાબહેન પરસેવે રેબઝેબ જઇ રહ્યાં હતાં. મેં તેમને રોકીને પૂછ્યું, 'દાદાની દરગાહે પગપાળા કેમ જાવ છો?'


'ત્રણ વર્ષ પહેલાં મારી નણંદને સાપ કરડ્યો હતો. તે બચી જશે તો દાદાની દરગાહે પગપાળા જવાની માનતા માની હતી.'

બાંધણી ગામ (તા. પેટલાદ, જિ.આણંદ)થી પગપાળા ભડિયાદ જઇ રહેલા યુવાન તોસીફને પૂછ્યું, તું શા માટે પગપાળા ભડિયાદ જાય છે?'

'સાહેબ, મેં માનતા રાખી હતી. દસમા ધોરણમાં પાસ થઇ જઇશ તો ચાલીને ભડિયાદ જઇશ.'

તોસીફના ચહેરામાં મને ૪૦ વર્ષ પહેલાંનો યુવાન મહેબૂબ દેસાઇ દેખાયો. જે પણ એસ.એસ.સી.ની પરીક્ષામાં પાસ થયા પછી ભડિયાદ ચાલીને ગયો હતો. સૂર્યના ઓસરતા પ્રકાશમાં હું શ્રદ્ધાના દરિયાની ભરતી યાત્રિકો ના ચહેરા પર અનુભવી રહ્યો અને શ્રદ્ધાના વરસાદમાં તરબતર થઇ મેં મારી ગાડી ભાવનગર તરફ દોડાવી મૂકી. ■

www.mehboobdesai.blogspot.com





# ગિરિનગર જૂનાગઢનું વાઘેશ્વરી માતાજીનું મંદિર

**જૂનાગઢમાં નવાબીશાસન હતું ત્યારે નવાબ તરફથી નવરાત્રિ દરમિયાન આઠમના રોજ માતાજીને ચૂંદડી ચઢાવવામાં આવતી હતી.**

**મારી યાત્રા**
હરેશ દવે

ગિરિનગર જૂનાગઢ મંદિરોની ભૂમિ અને યાત્રાધામ તરીકે જાણીતું છે. અહીં પહાડ ઉપર વાઘેશ્વરી માતાજીનું પ્રાચીન મંદિર છે. આ મંદિર ગિરનાર દરવાજા બહાર ગિરિતળેટીને રસ્તે ગિરનાર પર્વતની ભેંસાણિયા ગિરિમાળામાં આવેલું છે.

પુરાણોમાં મળતા ઉલ્લેખ અનુસાર વામન અવતારમાં વામન ભગવાને બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વીનું દાન માગ્યું હતું. ત્યારે તેઓ પ્રથમ અહીં વાઘેશ્વરી માતાજીનાં દર્શનાર્થે આવ્યા હતા અને માતાજીની પૂજા-અર્ચના કરી હતી. તેમજ ભગવાન શંકરના શિવલિંગની સ્થાપના કરેલી. જે હાલ મોજૂદ છે અને 'વામનેશ્વર' મહાદેવ તરીકે ઓળખાય છે.

વાઘેશ્વરી માતાજીનું મૂળ સ્થાનક વર્તમાન મંદિરની પાસેથી ૨૫૦ પગથિયાં ઉપર આવેલું છે. જે ઉપલા વાઘેશ્વરી તરીકે જાણીતું છે. અહીં માતાજીની મૂર્તિ છે. પાસે જ એક વિશાળ શિલા છે. જે રણકતા પાણા તરીકે ઓળખાય છે. કારણ કે, નાગરાજા જેમ તે વાગે છે.

રવિવાર અને મંગળવાર માતાજીના વાર તરીકે ઓળખાય છે. આ દિવસોમાં અહીં ભાવિકોની વધુ ભીડ જામે છે. વાઘેશ્વરી માતાજીની મૂર્તિ અતિ ભવ્ય અને પ્રાચીન છે. નવરાત્રિના નવ દિવસો દરમિયાન માતાજીને નિતનવા શણગાર કરાય છે. ભાવિકો માનતા પૂરી કરવા ચૂંદડીઓ માતાજીને ચઢાવે છે. જૂનાગઢમાં નવાબીશાસન હતું ત્યારે નવાબ તરફથી નવરાત્રિ દરમિયાન આઠમના રોજ માતાજીને ચૂંદડી ચઢાવવામાં આવતી હતી. મંદિરના પરિસરમાં ભદ્રકાળી માતાજીનું મંદિર આવેલું છે. જેની આસપાસ અનેક ચમત્કારિક કથાઓ સંકળાયેલી છે.

વાઘેશ્વરી માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર નવાબીકાળમાં જૂનાગઢના દીવાન અમરજીએ કરાવેલો. માતાજીના પૂજારીઓની પેઢીઓ વંશપરંપરાગત ચાલી આવે છે. આ મંદિરનો સમયાંતરે જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. હવનાષ્ટમીના રોજ અહીં હવન થાય છે. તે સમયે લોકો ઊમટી પડે છે.

જૂનાગઢનાં નગરજનો, નોરતાંના પર્વની ઉજવણી વાઘેશ્વરી માતાજીનાં દર્શન-પૂજન કરીને પરંપરાગત રીતે કરે છે. ■

> જે માનવી આપત્તિ આવતાં ગભરાતો નથી, જે સાવધાન રહીને નિત્ય ઉદ્યોગ ઇચ્છે છે અને જે સમયે આવી પડેલા દુઃખને સહન કરે છે, તે ધુરંધર મહાત્મા છે અને તેના શત્રુઓ જિતાયેલા છે.
>
> **સુભાષિત**

## અમૃતપર્વ


**રતિલાલ ધોબી**
બોરીઆવી


**સીતારામ ચપડીયા**
સુરત


**ભુલાજી મકવાણા**
અમદાવાદ


**ભારતીબહેન પંડ્યા**
અમદાવાદ

## વડીલોને આમંત્રણ

'અમૃતપર્વ' જેમાં આપના પરિવારમાં જે કોઈ વડીલ ૭૫ વર્ષના હોય અને તેમની જન્મતારીખ આવતી હોય તો અમે આ કોલમમાં તેમની તસવીર પ્રસિદ્ધ કરીશું.આ માટે વહાલા વડીલોએ તેમનો પાસપોર્ટ કલર ફોટોગ્રાફ અને જન્મતારીખ પ્રૂફની ઝેરોક્ષ સાથે નીચેના સરનામે મોકલી આપવાં. તસવીર પાછળ નામ, શહેર અને જન્મતારીખ લખવી.

**દિવ્ય ભાસ્કર** 'ધર્મદર્શન વિભાગ, પ્લોટ-નં-૨૮૦, મકરબા, સરખેજ-ગાંધીનગર હાઇવે, અમદાવાદ-૫૧

## કડવાં પ્રવચનો
તરુણસાગરજી



### સફળતાનો નશો

જો તમે એક સફળ વ્યક્તિ બનવા ઇચ્છતા હો તો મારી એક સલાહ ધ્યાનમાં રાખજો. સફળતા માટે તનતોડ કોશિશ કરજો, પરંતુ સફળતાનો નશો ક્યારે પણ દિમાગમાં ચઢવા ન દેતા, કારણ કે જો સફળતાનો નશો દિમાગમાં ચઢી ગયો તો પછી તમારું દિમાગ સાતમા આસમાને ચઢી જશે અને પછી જ્યારે તમે સાતમા આસમાનેથી નીચે પડશો ત્યારે ક્યાંયના નહીં રહો. એ વાતનું હંમેશાં ધ્યાન રાખજો કે ક્યારેય એટલા ઊંચા ન ઊડતાં કે લોકો તમને પોતાની આંખોથી ન જોઇ શકે.

### ફિટ અને સુપર-હિટ

માણસની પાસે ત્રણ પ્રકારની ગરમી હોય છે. લોકેટની ગરમી, પોકેટની ગરમી અને જેકેટની ગરમી. કેટલાક લોકોની પાસે લોકેટની ગરમી હોય છે, કેટલાક લોકોની પાસે પોકેટની ગરમી હોય છે અને કેટલાક લોકો પાસે જેકેટની ગરમી હોય છે, પરંતુ મુનિ તરુણસાગર જેવા સંતોની પાસે ન તો લોકેટ છે, ન તો પોકેટ છે અને ન તો જેકેટ છે, પરંતુ જે કંઇ પણ છે તે એકદમ 'ફિટ' છે અને 'સુપર-હિટ' છે.

## અનુસંધાન... ગુરુમહિમા

તેમની પત્નીના શરીરને અડીને બેઠા હતા, પરંતુ તેમની પત્ની તો તેમનાં ચરણોની ચંપી કરી રહ્યાં હતાં, પરંતુ શિવજીએ તો પાર્વતીજીને પોતાના શરીરનો હિસ્સો બનાવ્યો હતો. આ જોઇને નિરાશ ભક્તો ઘરની વાટ પકડી રહ્યા હતા ત્યારે ઋજુ હૃદયના શિવજી તેઓના પાછા ફરવાના માર્ગ પર માનસ સરોવરની ઉત્તર બાજુ વટવૃક્ષ નીચે યુવાનરૂપે ચિન્મમય મુદ્રા ધારણ કરીને દક્ષિણામૂર્તિ તરીકે બિરાજી ગયા.

આ કથામાં ગુરુના સ્વરૂપનું અને ઉપદેશનું માર્મિક નિરૂપણ કરવામાં આવ્યું છે. ગુરુ નિત્ય કિશોર વયના છે, તે બતાવે છે કે તેમના પર કાળનું આધિપત્ય નથી. ગુરુ કાલાતીત છે. આ સંદર્ભમાં રમણમહર્ષિએ કહ્યું છે, 'જ્ઞાની હંમેશાં યુવાન રહે છે. યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થા જેવું તેઓને હોતું નથી. મૌન તેમનું વ્યાખ્યાન છે કારણ કે એ પોતાની ઉપસ્થિતિથી જ જ્ઞાનનાં કિરણો ફેલાવે છે.' ગુરુના વ્યાખ્યાનને મૌન એટલા માટે પણ કહેવામાં આવ્યું છે કે તે શિષ્યના અંતઃકરણને બહારના કોઇ સાધન વિના જાગૃત કરી શકે છે. ગુરુની કૃપાનું સૌથી મોટું શસ્ત્ર મૌન છે. બીજું, પદ્ધતિઓ મૌનમાંથી જ આવી છે, આથી તે ગૌણ છે. શાસ્ત્રો ગમે તેટલાં વિશાળ અને પ્રભાવશાળી હોય પણ તેઓ પરિણામ લાવવામાં નિષ્ફળ જાય છે. જ્યારે ગુરુ મૌન રહે છે અને શિષ્યોનાં મન આપોઆપ શુદ્ધ થઇ જાય છે.

આપણી પરંપરામાં દૈવી ગુરુની સાથે માનુષી ગુરુનું પણ એટલું જ મહત્ત્વ છે. અલબત્ત તે ક્ષત્રિય અને બ્રહ્માનિષ્ઠ હોવો જોઇએ. ક્ષત્રિય એટલે શાસ્ત્રોનો જાણકાર અને શિષ્યને કોઇ પણ શંકા થાય તો તે ઉકેલ આપવામાં સમર્થ હોય તથા બ્રહ્મમાં સ્થિર થયેલો હોય. આવા માનુષી ગુરુના સહવાસથી જ શિષ્યો નિઃશંકપણે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આવા માનુષી ગુરુનાં કેટલાંક લક્ષણો પૂજ્ય શ્રીમોટાએ વર્ણયાં છે. જે ટૂંકમાં આ પ્રમાણે દર્શાવી શકાય. તે નિવૃત્તિમાં પ્રવૃત્ત અને પ્રવૃત્તિમાં નિવૃત્ત રહે છે. તે કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. વિસંવાદી ઘટનાઓમાં પણ તે સંવાદને જુએ છે. વિધિની કૃતિઓ તેને હલાવી મૂકતી નથી. એને કશું જ ભૂલી જવાપણું નથી અને યાદ રાખવાપણુંયે નથી. તે જાતે જ શુદ્ધ અનુભવ છે. તેથી તે શુદ્ધ વિજ્ઞાન છે. દેખીતી રીતે જ તે બીજાઓને અનુપયોગી છે. પણ એના અસ્તિત્વ માત્રથી જ આપોઆપ સમસ્ત વિશ્વના ઉન્નતિ માર્ગમાં તે ભાગ લે છે. સ્વાભાવિક રીતે અને સરળ ભાવે થઇ રહેલી બધાની ઉત્ક્રાંતિને તે સ્વસ્થતાથી જોયા કરે છે, તેથી તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુ સ્થિતિમાં આડખીલી રૂપ થતો નથી. તેની સૂક્ષ્મ મૂંગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંય વધુ અસરકારક હોય છે. મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ સાચે જ લોકોત્તર જ હોય છે.

અધ્યાત્મ પરંપરામાં એવી સુદૃઢ માન્યતા છે કે જ્યારે સમય પરિપક્વ થાય છે ત્યારે સાધકને તેના ગુરુ મળે જ છે. શ્રી શ્રીમા આનંદમયીએ કહ્યું છે કે જ્યાં ભક્ત હોય ત્યાં સદ્ગુરુનો સાક્ષાત્કાર થાય જ. જ્યારે ગુરુની જરૂર પડે ત્યારે ગુરુ આવીને હાજર થાય જ છે. આવા ગુરુ-શિષ્યનો સંબંધ માત્ર એક જન્મ પૂરતો જ નથી હોતો. પૂજ્ય શ્રીમોટાએ કહ્યું છે 'નિમ્ન પ્રકૃતિવાળા ભક્તને પણ ગુરુ પોતાના સંકલ્પ દ્વારા અનેક જન્મોના અંત ચેતનાના પ્રવાહમાં ખેંચીને લઇ ગયા વિના જપતા નથી. રમણમહર્ષિ આને વાઘના મુખમાં પડેલા શિકાર સાથે સરખાવે છે. જ્ઞાનેશ્વર મહારાજે કહ્યું છે, 'પરમ તત્ત્વનો સાક્ષાત્કાર જે સાધનાના ક્રમ સહજભાવે થઇ જાય છે.' ■

## આરોગ્યમંત્ર

પડે છે અને પછી તે લીવર ડોનેટ કરી શકે છે. લીવરને બોડીમાંથી બહાર કાઢ્યા પછી ૮થી ૧૦ કલાક સુધી પ્રીઝર્વ કરી શકાય છે. સામાન્ય રીતે આ સમય મર્યાદામાં લીવર દર્દીમાં ઇમ્પ્લાન્ટ કરી દેવામાં આવે છે.

### લીવર ટ્રાન્સપ્લાન્ટ પછીની સ્થિતિ

ઓપરેશન પછી લીવર કેન્સરના દર્દીમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવાથી નોર્મલ લાઇફ શક્ય બને છે? તેનો જવાબ છે હા, જો લીવર કેન્સર Early Stageમાં હોય તો લીવર ટ્રાન્સપ્લાન્ટનું પરિણામ સારું મળે છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી (લીવ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટ)માં લીવર રીજનરેટ થતાં લગભગ ૩થી ૪ મહિના લાગે છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ એ ખૂબ જ જટીલ ઓપરેશન છે અને તેમાં ઓપરેશન દરમિયાન અને હોસ્પિટલમાં દાખલ હોય તે દરમિયાન દસથી વીસ ટકા દર્દીઓમાં કોમ્પ્લીકેશન થવાની સંભાવના હોય છે. જેમાં આશરે પાંચ ટકા દર્દીઓમાં ગંભીર કોમ્પ્લીકેશન થવાની સંભાવના હોય છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ પછી આવા દર્દીઓને નોર્મલ લાઇફ થતાં ૩થી ૪ મહિનાઓ લાગે છે.

જો કે આ લીવર બીજાનું હોવાથી વ્યક્તિને ટ્રાન્સપ્લાન્ટ કરાવનારને સતત દવાઓ લેતા રહેવું પડે છે અને સમયે સમયે તેની કામગીરી અંગે પણ ડોક્ટર પાસે ચેકઅપ કરાવું પડે છે. શરીરમાં બીજા રોગો ન થાય તે અંગે પણ ધ્યાન રાખવું પડે છે. ■

## ધર્મચાતુર્ય
■ ભૂપેન્દ્ર શંભુ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કૈ | કા | મ | ન | રા | મ | દા | સ | રા | વ |
| લા | ર | જ | ભૃ | ગુ | દી | સ | દુ | હી | જ |
| સ | લ | ત | પ | જ | ના | દ | ર્યો | લા | વ |
| મા | રા | મ | ઘા | ટ | વ | ર | ધ | ન | રી |
| ન | મી | હુ | રા | ત | જ | લ | ન | વી | તા |
| સ | દા | ડી | જ | દા | સ | ગ | પા | લ | શ્રી |
| રો | જ | ગા | વ | બ્ર | હ્મા | ની | ત | દી | રા |
| વ | પા | મ | ગ | ર | ન | મ | અં | ગા | મ |
| ર | ત | ન | સી | મા | દ | ત | બા | જ | શ |
| ની | ર | હ | સ્તિ | ના | પુ | ર | જી | પ | ર્મા |

૧. ભીમે કોની સાથે કુરુક્ષેત્રમાં ગદાયુદ્ધ કર્યું હતું?
(અ) દુર્યોધન
(બ) શકુનિ
(ક) કર્ણ

૨. હરિદ્વારમાં મહાપ્રભુજીની બેઠક કયા ઘાટ પર છે?
(અ) ગંગાઘાટ
(બ) રામઘાટ
(ક) બિરલાઘાટ

૩. હિમાલય તીર્થમાં કઇ યાત્રા સૌથી વિકટ છે?
(અ) અમરનાથ
(બ) બદરીનાથ
(ક) કૈલાસ માનસરોવર

૪. વસંતપંચમીએ કોનો જન્મદિવસ આવે છે?
(અ) પાંડુરંગ દાદા
(બ) શ્રીરામ શર્મા
(ક) વિવેકાનંદ

૫. જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ કયા તીર્થની સ્થાપના કરી?
(અ) મહુડી
(બ) શંખેશ્વર
(ક) કલિકુંડ

૬. મત્સ્યપુરાણ અનુસાર સરસ્વતીની ઉત્પત્તિ કોના દ્વારા થઇ હતી?
(અ) બ્રહ્મા
(બ) વિષ્ણુ
(ક) મહેશ

૭. ભગવાન આદિનાથે વરસીતપનાં પારણાં કયા તીર્થમાં કર્યાં હતાં?
(અ) પાવાપુરી
(બ) હસ્તિનાપુર
(ક) પાલિતાણા

૮. પોષ સુદ પૂર્ણિમા કયા માતાજીનો પ્રાગટ્ય દિન છે?
(અ) અંબાજી
(બ) ગાયત્રી
(ક) ચામુંડા

૯. વિષ્ણુ ભગવાનની છાતી પર કયા ઋષિએ લાત મારી હતી?
(અ) વશિષ્ઠ
(બ) ભૃગુ
(ક) કર્દમ

૧૦.ગુરુ નાનકજીની વાણીમાં કયા સ્વામીનો ઉપદેશ સમાયેલો છે?
(અ) દયાનંદ સરસ્વતી
(બ) શિવાનંદ
(ક) રામદાસ

જવાબ: ૧. દુર્યોધન ૨. રામઘાટ ૩. કૈલાસ માનસરોવર ૪. શ્રીરામ શર્મા ૫. મહુડી ૬. બ્રહ્મા ૭. હસ્તિનાપુર ૮. અંબાજી ૯. ભૃગુ ૧૦. રામદાસ

## 'ઓમ્' કારથી જીવન બને અમૃતમય

'ઓમ્' કારમાં 'अ'કાર ઉપર ભાર મૂકીએ તો આધિભૌતિક ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. 'उ'કાર ઉપરનો ભાર, આધિદૈવિક સામર્થ્યનું સૂચક છે અને ત્રીજી માત્રા 'म' કાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો બ્રહ્મના સાક્ષાત્કારમાં સહાયભૂત થાય છે. તે દ્વારા જીવનની સાર્થકતા સધાય છે. જીવન અમૃતમય બને છે.